ભાવ, વજન અને ક્વોલીટી માટે
મીલ માન્ય માત્ર એક જ ઑથોરાઈઝડ, સ્ટોકીસ્ટ :
એમ. લોખંડવાળા એન્ડ કાું.
તીલક મેદાન, વસંત ટોકીઝની ગલી, બેગમપુરા, સુરત. ફોનઃ ૨૪૨૬૫૯૨, મો. ૯૯૭૮૯૭૭૬૨૦

HY-TUF® TMT/QST બાર્સ
✓ અણિશુધ્ધ ગુણવત્તા અતૂટ વિશ્વાસ
✓ ઈન્ડિયન તેમજ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબ
✓ ભુકંપ પીડિત ક્ષેત્રોને લગતા યુરોપિયન કમીશનના કડક ધારાધોરણો અનુસાર
THERMEX® | UKAS | Licence of BIS conforming to IS 1786 : 2008 ISI CML-7415771
નોંધઃ અમારી કોઈ શાખા, બુકીંગ ઓફીસ કે ગોડાઉન અન્યત્ર નથી


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


Make Safety Your Top Priority

Application for KSB Make Fire Fighting Pumps
❐ Industries & Factories
❐ Commercial & Residential Buildings
❐ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD,
OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ ભાદરવો સુદ નોમ, ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૫૫

પાનાં ૧૪+૪ કિંમત ₹ ૫.૦૦

# દેશમાં હવે 70 વર્ષથી ઉપરના તમામને રૂ. 5 લાખનો મફત આરોગ્યવીમો

**રોડપતિ** હોય કે કરોડપતિ, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષ અને તેથી વધુ ઉંમરની તમામ વ્યક્તિઓને તેમની આવકને ધ્યાનમાં લીધા વિના આરોગ્ય કવરેજને મંજૂરી પાત્ર લાભાર્થીઓને નવું વિશિષ્ટ કાર્ડ આપવામાં આવશે

**લગભગ** છ કરોડ વરિષ્ઠ નાગરિકોને લાભ

**નવી દિલ્હી, તા. 11.** કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષ અને તેથી વધુ ઉંમરની તમામ વ્યક્તિઓને તેમની આવકને ધ્યાનમાં લીધા વિના આરોગ્ય કવરેજને મંજૂરી આપી છે, જેનાથી લગભગ છ કરોડ વરિષ્ઠ નાગરિકોને લાભ થશે.

રૂ. 5 લાખનાં મફત આરોગ્ય વીમા કવચથી આશરે 4.5 કરોડ પરિવારોના વરિષ્ઠ નાગરિકોને લાભ થશે. આ યોજના હેઠળ પાત્ર લાભાર્થીઓને નવું વિશિષ્ટ કાર્ડ આપવામાં આવશે, એમ સરકારે જણાવ્યું હતું.

સરકારના જણાવ્યા અનુસાર, એબી પીએમ-જેએવાય વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળથી ચાલતી આરોગ્ય ખાતરી યોજના છે, જે 1 કરોડ પરિવારોને અનુરૂપ 55 કરોડ વ્યક્તિઓને સેકન્ડરી અને તૃતીય સંભાળ હોસ્પિટલમાં દાખલ કરવા માટે પરિવાર દીઠ વાર્ષિક 5 લાખ રૂપિયાનું આરોગ્ય કવચ પ્રદાન કરે છે. વયને ધ્યાનમાં લીધા વિના પાત્ર પરિવારોના તમામ સભ્યો આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ યોજનામાં 49 ટકા મહિલા લાભાર્થીઓ સહિત 7 કરોડ 37 લાખ હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ જનતાને 1 લાખ કરોડ રૂપિયાથી વધુનો લાભ મળ્યો છે એમ નિવેદનમાં જણાવાયું.

### પહેલેથી આવરી લેવાયેલા પરિવારોના કિસ્સામાં વરિષ્ઠ નાગરિકોને દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનું વધારાનું ટોપ-અપ

"એબી પીએમ-જેએવાય હેઠળ પહેલેથી જ આવરી લેવામાં આવેલા પરિવારોના 70 વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને તેમના માટે દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનું વધારાનું ટોપ-અપ કવર મળશે (જે તેમને પરિવારના અન્ય સભ્યો સાથે વહેંચવાની જરૂર નથી, જેમની ઉંમર 70 વર્ષથી ઓછી છે). એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "70 વર્ષ અને તેથી વધુ ઉંમરના અન્ય તમામ વરિષ્ઠ નાગરિકોને પરિવારના ધોરણે દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનું રક્ષણ મળશે".

### ખાનગી આરોગ્ય વીમા પોલિસી લીધી હોય તો પણ લાભ મળશે

તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે 70 વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો કે જેઓ ખાનગી આરોગ્ય વીમા પોલિસી અથવા કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ છે તેઓ આયુષ્માન ભારત હેઠળ લાભ મેળવવા માટે પાત્ર હશે જોકે, કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (સી. જી. એચ. એસ.), ભૂતપૂર્વ સૈનિક ફાળો આપનાર આરોગ્ય યોજના (ઇ. સી. એચ. એસ.) અને આયુષ્માન કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સી. એ. પી. એફ.) જેવી અન્ય જાહેર આરોગ્ય વીમા યોજનાઓનો લાભ પહેલેથી જ લઈ રહેલા લોકો તેમની હાલની યોજના પસંદ કરી શકે છે અથવા એ. બી. પી. એમ.-જે. એ. વાય. નો વિકલ્પ પસંદ કરી શકે છે.

## પાટણમાં સરસ્વતી બેરેજમાં ગણેશ વિસર્જન દરમિયાન સાત ડૂબ્યા

**ગાંધીનગરઃ** પાટણના સરસ્વતી બેરેજમાં ગણેશ વિસર્જન દરમિયાન સમી સાંજે પ્રજાપતિ પરિવારના સાત સભ્યો બાપ્પાને વિદાય આપતી વખતે ડૂબ્યા હતા. જો કે, જુદા જુદા બચાવ પ્રયત્નો કરવાથી ત્રણ લોકોને ત્વરિત બચાવી લેવાયા હતા. જ્યારે એકની લાશ મળી આવી હતી. તો ત્રણ વ્યક્તિ હજુયે પાણીમાં ગરકાવ હોવાનું જાણવા મળ્યું હતું.સમગ્ર ઘટનાની જાણ થતાં કોંગીના ધારાસભ્ય કિરીટ પટેલ, પ્રાંત અધિકારી તથા મામલતદાર પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેસીબી તથા ટ્રેક્ટરની લાઈટનો ઉપયોગ કરી બચાવ ઓપરેશન ચાલી રહ્યું છે. બુધવારે સાંજે ગાંધીગનર ખાતે મળતી માહિતી મુજબ પ્રજાપતિ પરિવારના 4 સભ્ય ડૂબ્યા છે. 1 વ્યક્તિની ડેડબોડી મળી આવી છે. પરિવારમાં એક મહિલા, બે પુત્ર, એક અન્ય વ્યક્તિ ડૂબ્યા છે. જે પૈકી એક બોડી મળી છે. જ્યારે પરિવારના ત્રણ સભ્યની શોધખોળ ચાલુ છે. સ્થાનિક તરવૈયાઓ ડૂબેલા લોકોને બહાર કાઢવા પ્રયત્ન કરી રહ્યા છે. આ ઉપરાંત પાટણ શહેર સહિત આજુબાજુના તાલુકા વિસ્તારમાંથી 8 જેટલી 108 એમ્બ્યુલન્સને તૈયાર રાખવામાં આવી છે.

## પૂર્વી જર્મનીમાં પુલનો એક ભાગ તૂટી પડ્યો



**બર્લિન, તા. 11:** પૂર્વ જર્મનીમાં બુધવારની શરૂઆતમાં એક કૉંક્રિટ પુલ આંશિક રીતે તૂટી પડ્યો હતો, જેના કારણે વાહન વ્યવહારમાં વિક્ષેપ પડ્યો હતો અને તેના 'બેરોક આર્કિટેક્ચર' માટે 'ફ્લોરેન્સ ઓન ધ એલ્બે' હુલામણું નામ ધરાવતા શહેરની હીટિંગ સિસ્ટમમાં વિક્ષેપ પડ્યો હતો. આ બનાવ બાદ અધિકારીઓએ પુલ તૂટવા અંગે તપાસ શરૂ કરી હતી.

કેરોલા પુલનો એક ભાગ એલ્બે નદીમાં તૂટી પડ્યો હતો જો કે આ બનાવમાં કોઈને ઈજા થઈ ન હતી, એમ અગ્નિશમન દળે જણાવ્યું હતું. જર્મનીની એક સમાચાર સંસ્થાએ જણાવ્યા અનુસાર, પોલીસ પુલ તૂટવાને અકસ્માત માની રહી છે, કારણ કે ત્યાં કોઈ કાવતરાના સંકેતો નથી. આ પુલ પૂર્વ જર્મનીના અગાઉના સામ્યવાદી યુગનો છે. ઘટનાસ્થળ પર પહોંચેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે પુલ તૂટવા પાછળ કાટ એક કારણે હોઈ શકે છે.




### કૃષિમંત્રી ચૌહાણ એક અનોખો રેકોર્ડ બનાવવાના માર્ગ પર

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ એક અનોખો રેકોર્ડ બનાવવાના માર્ગ પર છે. ચૌહાણે 11 જૂનના રોજ કૃષિ પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી દરરોજ એક વૃક્ષ વાવવાના તેમના સંકલ્પના ભાગરૂપે રાષ્ટ્રીય રાજધાનીમાં ડઝનબંધ રોપાઓ વાવ્યા છે. આ રોપાઓ, મોટા ભાગે આંબાના, ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, પુસા કેમ્પસ, નવી દિલ્હી ખાતે વાવવામાં આવ્યા છે. તેમણે તેમના મંત્રાલયના મુખ્યાલયની નજીક આવેલા ચાણક્યપુરીમાં મધ્ય પ્રદેશ ભવનમાં પણ કેટલાક રોપા વાવ્યા છે. એક કે બે પ્રસંગોએ ચૌહાણ સાથે તેમના રાજ્ય મંત્રી ભગીરથ ચૌધરી પણ રોપાઓ વાવવામાં જોડાયા હતા. જ્યારે પણ બીજેપી નેતા બીજા શહેરમાં જાય છે ત્યારે ત્યાં પણ એક છોડ વાવે છે. તાજેતરમાં જ ચૌહાણ ભોપાલ ગયા હતા જ્યાં તેમણે બીજેપી

...અનુસંધાન પાના 4 પર ➲

# અમેરિકી પ્રમુખ પદની ચર્ચામાં કમલા હેરિસે ટ્રમ્પને હરાવ્યા

**તમે જો** બાઈડેનની સામે ચૂંટણી નથી લડી રહ્યા તમે મારી વિરૂદ્ધ લડી રહ્યા છોઃ કમલા

**ડિબેટમાં** ટ્રમ્પે કમલા પર અંગત હુમલા કર્યા પણ કમલા કંઈ બોલ્યાં નહીં, માત્ર સ્મિત કરતાં રહ્યાં



**વોશિંગ્ટન, તા. 11 (PTI):** કમલા હેરિસ વારંવાર તેમની પ્રથમ પ્રમુખ પદની ચર્ચામાં ડોનાલ્ડ ટ્રમ્પને હંફાવ્યા હતા, તેમને વિદેશ નીતિ, અર્થતંત્ર અને ગર્ભપાત જેવા મુદ્દાઓ પર પડકાર ફેંક્યો હતો જ્યારે તેમણે રિપબ્લિકન ઉમેદવાર સાથે અગાઉ પ્રમુખ જો બાઈડેનની હારની યાદને ભૂંસી નાખવા કહ્યું હતું.

તમે જો બાઈડેનની સામે ચૂંટણી નથી લડી રહ્યા તમે મારી વિરૂદ્ધ લડી રહ્યા છો', એમ કમલા હેરીસે કહ્યું હતું.

ટીવી પર થયેલી ડિબેટની શરૂઆતમાં હેરિસ ટ્રમ્પ પાસે ગયા હતા અને તેમની સાથે હાથ મિલાવ્યા હતા જો કે અંતમાં બંને હાથ મિલાવ્યા વગર જતા રહ્યા હતા.

આ બીજી પ્રમુખ પદની ચર્ચા હતી જો કે ટ્રમ્પ અને હેરીસ વચ્ચે આ પ્રથમ હતી.

ડિબેટમાં ટ્રમ્પે કમલા હેરીસ પર અંગત હુમલા કર્યા હતા, તેમણે કહ્યું હતું, 'કમલા ડાબેરી છે, તેમના પિતા સામ્યવાદી છે. તેમણે કમલાને ડાબેરીવાદ વિશે સારી રીતે શીખવ્યું છે. કમલા શું છે તેનાથી મને કોઈ ફરક નથી પડતો, પણ મેં ક્યાંક વાંચ્યું હતું કે તે અશ્વેત નથી.' જો કે ટ્રમ્પના આરોપો પર કમલા કંઈ બોલી ન હતી, બસ સ્મિત કરતી રહી.

ડિબેટમાં કમલાએ 37 મિનિટ 36 સેકન્ડ જ્યારે ટ્રમ્પે 42 મિનિટ 52 સેકન્ડ સુધી વાત કરી હતી.

ઈમીગ્રેશન અને સીમા સુરક્ષા, ગર્ભપાત, ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ, અફઘાનિસ્તાનમાં તાલિબાનની વાપસી, રશિયા-યુક્રેન યુદ્ધ, ટ્રમ્પના હાર્યા બદા અમેરિકી સંસદમાં થયેલી હિંસાના મુદ્દે પૂછાયેલા પ્રશ્નો પર ચર્ચા થઈ હતી.

ચર્ચામાં જીતનાર ઉમેદવાર ચૂંટણી પણ જીત્યો હોય એવું 10 વખત બન્યું છે જ્યારે ચર્ચામાં વિજેતા ઉમેદવાર ચૂંટણી હારી ગયો હોય એવું 3 વખત બન્યું છે.

**ટીવી સર્વે મુજબ ડિબેટમાં કમલા સ્પષ્ટ વિજેતા હતાં**

4 અમેરિકન મીડિયા હાઉસ (ન્યૂયોર્ક ટાઈમ્સ, સીએનએન, વોશિંગ્ટન પોસ્ટ) અને બીબીસીના સર્વેમાં કમલાને વિજેતા માનવામાં આવી હતી. લોકોએ કહ્યું કે કમલાએ પ્રશ્નોના વધુ સારા જવાબ આપ્યા.

...અનુસંધાન પાના 4 પર ➲



### કમલા હેરીસની બુટ્ટીઓમાં ઈયરફોન હતો? શું બોલવું એ જણાવાતું હતું?

કાવતરું શોધનારાઓએ દાવો કર્યો હતો કે તેમણે ગઈકાલે રાત્રે પ્રમુખ પદની ચર્ચા દરમિયાન ગુપ્ત ઇયરપીસનો ઉપયોગ કરવા બદલ કમલા હેરિસનો 'ભંડાફોડ' કર્યો છે. હેરિસ પર ડિબેટ દરમિયાન તેમને મદદ કરવા માટે

...અનુસંધાન પાના 4 પર ➲

# અમેરિકામાં રાહુલ ભારત વિરોધી વલણ માટે કુખ્યાત ઈલ્હાન ઓમરને મળતા વિવાદ

**રાહુલની** ઈલ્હાન સાથેની મુલાકાતની ભાજપે આકરી ટીકા કરી

**રાષ્ટ્રવિરોધી** વાતો કરવી અને દેશને તોડવાની કોશિશ કરી રહેલી શક્તિઓ સાથે ઊભા રહેવું એ રાહુલ અને કોંગ્રેસ પાર્ટીની ટેવ છેઃ અમિત શાહ



નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): મંગળવારે મોડી રાત્રે, તેમના અમેરિકી પ્રવાસના છેલ્લા દિવસે, રાહુલ ગાંધી વોશિંગ્ટન ડીસીમાં યુએસ કોંગ્રેસના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. રેબર્ન હાઉસમાં યોજાયેલી આ બેઠકમાં ભારત વિરોધી નિવેદન આપનાર ઈલ્હાન ઓમર પણ હાજર હતી.

રાહુલે ઈલ્હાન સાથે મુલાકાત કર્યા બાદ દેશમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે.

દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું હતું કે રાહુલ પહેલા બાલિશ પ્રવૃત્તિઓ કરતા હતા પરંતુ હવે તેઓ ખતરનાક અને તોફાની પ્રવૃત્તિઓમાં સામેલ છે.

'ભારતના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે વિરોધ પક્ષના નેતા ભારત વિરોધી સાંસદને મળ્યા હોય અને તેમની મીઠી લાગણીઓ વ્યક્ત કરી હોય. તેઓ ઈલ્હાન ઓમરને મળ્યા હતા, જેઓ તેમના ભારત વિરોધી વલણ અને નિવેદનો માટે કુખ્યાત છે.'

...અનુસંધાન પાના 4 પર ➲

### પીઓકેને પાકિસ્તાનનો હિસ્સો જાહેર કરનાર ઇલ્હાન ઓમર કોણ છે

40 વર્ષીય ઇલ્હાન ઓમર સોમાલિયન-અમેરિકન રાજકારણી છે, જેમણે 2019માં મિનેસોટાથી ચૂંટણી જીતીને અમેરિકાના નીચલા ગૃહમાં પ્રવેશ કર્યો હતો. અમેરિકી સંસદ અથવા કોંગ્રેસમાં પહોંચનારી પ્રથમ બે મુસ્લિમ મહિલા સાંસદોમાંથી તે એક છે. તેઓ અમેરિકી સંસદમાં પહોંચનાર પ્રથમ સોમાલિયન-અમેરિકન નાગરિક પણ છે. મૂળરૂપે તેઓ આફ્રિકાની નાગરિક હતી. ઇલ્હાન ઓમરે પાકિસ્તાન સરકારના ફંડિંગ પર પીઓકેની મુલાકાત લીધી હતી તે ભૂતકાળમાં ઘણી વખત ભારત વિરોધી વલણ અપનાવી ચૂકી છે. તેમણે પીઓકેને પાકિસ્તાનનો હિસ્સો જાહેર કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન તેમણે મોદીના સંબોધનનો બહિષ્કાર કર્યો હતો.

### હવામાન

તા. ૧૧-૦૯-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૧૬.૦ મીમી | મોસમનો ૧૭૪૦ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૯.૨૨ ફૂટ | આઉટફ્લો ૫૫૬૯૯ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.0 સે. | ૨૬.0 સે. | ૮૬ % |

# ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન માટે સરકારે 14,335 કરોડની બે યોજનાઓ મંજૂર કરી

**ઈ-2ડબ્લુ,** ઈ-3ડબ્લુ, ઇ-એમ્બ્યુલન્સ, ઇ-ટ્રક અને અન્ય ઉભરતા ઈલેક્ટ્રીક વાહનો માટે રૂ. 3,679 કરોડની સબસિડી-માગ ઈન્સેન્ટીવ્સ

**નવી દિલ્હી, તા. 11 (PTI):** કેન્દ્રીય કેબિનેટે બુધવારે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂ. 14,335 કરોડના ખર્ચ સાથે બે મોટી યોજનાઓને મંજૂરી આપી હતી, આ વાહનોમાં બસ, એમ્બ્યુલન્સ અને ટ્રક સામેલ છે. બે યોજનાઓ છે, પીએમ ઈલેક્ટ્રિક ડ્રાઈવ રિવોલ્યુશન ઈન ઈનોવેટિવ વ્હીકલ એન્હાન્સમેન્ટ (પીએમ ઈ-ડ્રાઈવ) યોજના બે વર્ષના સમયગાળામાં રૂ. 10,900 કરોડના ખર્ચ સાથે, અને પીએમ-ઈબસ સેવા-પેમેન્ટ સિક્યુરીટી મિકેનિઝમ (પીએસએમ) યોજના જેનું બજેટ 3,435 કરોડ છે. કેન્દ્રીય કેબિનેટમાં લેવાયેલા નિર્ણયો વિશે મીડિયાને માહિતી આપતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પીએમ ઈ-ડ્રાઈવ યોજના પ્રદૂષણને ઘટાડવા માટેનો એક મોટો નિર્ણય છે. યોજના હેઠળ, ઈ-2ડબ્લુ (ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર), ઈ-3ડબ્લુ (ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સ), ઈ-એમ્બ્યુલન્સ, ઈ-ટ્રક અને અન્ય ઉભરતા ઈલેક્ટ્રીક વાહનો માટે રૂ. 3,679 કરોડની સબસિડી-માગ ઈન્સેન્ટીવ્સ પ્રદાન કરવામાં આવ્યા છે. આ યોજના 24.79 લાખ ઈ-2ડબ્લુ, 3.16 લાખ ઈ-3ડબ્લુ અને 14,028 ઈ-બસોને ટેકો આપશે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે ભારે ઉદ્યોગ મંત્રાલય

...અનુસંધાન પાના 4 પર ➲

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે

વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202